સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સત્તા પામ્યા સભ્યોમાં તોડફોડ કરે છે કોણ?
વાવે વિખવાદ કોમી, ભાંગભોડ, કરે છે કોણ?
તડજોડ કરે છે કોણ, રાજ્યોના કટકા કરી -
જ્ઞાતિ-સમાજ-પંથોમાં ફાટફૂટ કરે છે કોણ?
(હવે ૧૪ ઓગસ્ટ-વિખવાદ દિવસની ઉજવણી!)

હાઈકુ

ભાગલા પાડો
કુટિલ નેતાઓની
સત્તા અનીતિ !

રાજકારણે -
જન્માવ્યાં જોડકાં
હિન્દુ ને - 'સ્તાન'

ચિંતન

येन देवा न वियन्ति नो च विद्विषते मिथः ।
तत् कृण्मो ब्रह्म वो गृहे संज्ञानं पुरुषेभ्यः ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

વિદ્વાન લોકો કદીય લડતા ઝઘડતા નથી કે ઈર્ષ્યા કરતા નથી. મનુષ્યના વિચારો શ્રેષ્ઠ બને એટલા માટે સ્વાધ્યાયની જરૂરિયાત છે.

જરૂરી નથી કે દરેક માણસનો આપણા વિચારો સાથે મેળ ખાય અને તે પ્રમાણે આચરણ પણ કરે. વિચારોના સંઘર્ષમાંથી જ ઈર્ષ્યા અને દ્વેષની ભાવના જન્મ લે છે. નિંદા કરવાથી આત્મા મલિન થાય છે. અને વારંવાર બીજાઓની ખરાબ ટેવોનાં વખાણ કર્યા કરવાથી પોતાનામાં પણ એ ખરાબ ટેવ આવી જાય છે.

આધ્યાત્મિક મામસોએ પોતાના ભૌતિક જીવનને સુખમય બનાવવા માટે દ્વેષભાવનો ત્યાગ કરી દેવો જોઈએ. જ્યાં દ્વેષ હોય ત્યાં ઈર્ષ્યા, મદ અને શત્રુતા હોય છે. શત્રુતાથી સંદેહ અને ભય ઉત્પન્ન થાય છે. પોતાને નિર્ભય રાખવા માટે જરૂરી છે કે પહેલાં પોતાના હૃદયને દ્વેષની ભાવનાથી મુક્ત કરીએ. પ્રેમ પ્રેમને જન્મ આપે છે અને ઘૃણા ઘૃણાને, પ્રેમનું વાતાવરણ જ નિર્ભયતાનો સુખદ વિકલ્પ છે.

સુવિચાર

- સોચ જબ તક તંગ હૈ, જીવન તબ તક જંગ હૈ - **ફૈઝલ શેખ**
- આપણે નથી કરતા પાપ કે નથી કરતાં પુણ્ય આપણે સૌ પરિસ્થિતિના પ્યાદાં જ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- હારવાના ભય કરતાં જીવતાની મહત્ત્વાકાંક્ષા વધારે હશે તો સફળતા અવશ્ય મળશે - **જીવન પાયેય**
- આપણા શરીરનો હર એક કણ અનંત બ્રહ્માંડ સાથે જોડાયેલો છે, અને તેને અનુભવ કરવા અથવા પામવા માટે યોગ એક ચાવી રુપી કામ કરે છે - **યોગી અધ્યાત્માનંદજી**
- ખુશી પહેલે તબક્કે કયાં મળે છે... ધક્કા ખાવા પડે છે ધીરજના!! - **જીવનસૂત્ર**
- દુઃખ બધુ દીવાલોનું છે સાહેબ....
  ખુલ્લામાં રહો તો, ધરતીકંપ પણ હચમચાવી નથી શકતો - **સુભાષ દ્વિવેદી**
- આજનું ઔષધ : હળવદની સુકી ગાંગડી સેકી તેની પર ચપટી મીઠું ભભરાવી ખાવાથી ખાંસીમાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સોક્રેટિસ એથેન્સની શેરીઓમાં ઘૂમતા અને પોતાના વિચારો રજૂ કરતા. એકવાર એક વૃદ્ધ સાથે તેમની મુલાકાત થઈ. થોડીવારમાં બંને એકબીજા સાથે હળીમળી ગયા અને આત્મીયતાનો અનુભવ કરવા લાગ્યા. સોક્રેટિસે એ વૃદ્ધાને પૂછ્યું, 'તમે તમારી આ અવસ્થા કેવી રીતે પસાર કરી રહ્યા છો?' વૃદ્ધે હસીને કહ્યું, 'હું પરિવારની સઘળી જવાબદારી પુત્રોને સોંપીને નિશ્ચિંત બની ગયો છું. પહેલાં હું જે કહેતો હતો, તે તેઓ કરી આપતા હતા અને હું જે જમાડતો હતો એ તેઓ જમી લેતા હતા, હવે તેઓ જે કહે છે, તે હું કરું છું અને તેઓ જે જમાડે છે તે હું જમું છું, વળી એ ઉપરાંત મારા પૌત્ર-પૌત્રીઓ સાથે આનંદ થી રહું છું.' સોક્રેટિસે કહ્યું, 'પણ તેઓ તમારી સલાહ લેવા આવે ત્યારે તમે શું કરો છો?' વૃદ્ધે કહ્યું, 'મારા જીવનના અનુભવો તેમની સમક્ષ મૂકી દઉં છું. એમને સીધેસીધી સલાહ આપતો નથી અને ત્યારબાદ તેઓ મારી સલાહ મુજબ ચાલ્યા કે નહીં, એ જોવાનું મારું કામ પણ નથી.' સોક્રેટિસે પૂછ્યું, 'તમારી સલાહ પ્રમાણે ચાલે નહીં અને પસ્તાવો કરે તો શું કરો ??' વૃદ્ધે કહ્યું, 'તો હું સહેજે ચિંતિત થતો નથી, તેઓ ભૂલ યાં બાદ ફરી વાર મારી પાસે આવે; તો ગુસ્સે થતોન થી, પરંતુ સાચી સલાહ આપીને તેમણએ વિદાય કરું છું.' વૃદ્ધની વાત સાંભળીને સોક્રેટિસ ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા, 'આ ઉંમરે જીવન કેવી રીતે જીવવું જોઈએ તે તમે યથાર્થપણે પામી ગયા છો.'

'પાટીદાર' આશીર્વાદ યાત્રા

તંત્રીસ્થાનેથી...

કોરોનાકાલની વિભીષિકાને વીસરી જઈને તથા પાડોશી ઈસ્લામિક રાષ્ટ્રમાં ચાલી રહેલી નૃશંસ ઘટનાઓને નજર અંદાજ કરીને ભારતીય જનતા પાર્ટી એવા એકમેવ લક્ષ્ય તરફ વળી ગઈ છે. એનું પહેલું અને છેલ્લું લક્ષ્ય છે સત્તા અને સત્તામાં વાપસી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ લક્ષ્ય પાર પાડવા એમના મંત્રીમંડળમાં જાતિ દીઠ પ્રતિનધિત્વ આપી અનુસરોને પોંખ્યા છે અને હવે 'જન-આશીર્વાદ' મેળવવા રમતા મૂકી દીધા છે. બંગાળની ઐતિહાસિક લપડાક પછી એ ચચરતા ગાલ પંપાળીને બેસી રહેવું પોસાય એમ નથી. આગળ ઉત્તરપ્રદેશ અને પોતાનું જ હોમ સ્ટેટ - ગુજરાત એવી જ લપડાક ન મારી બેસે એની કાળજી રાખવાની છે. ગુજરાત પર પાટીદારોનું આર્થિક, સામાજિક અને રાજકીય પ્રભુત્વ રહેતું આવ્યું છે. પાટીદાર આંદોલન પછી ભારતીય જનતા પાર્ટીની નાવ ગુજરાત પૂરતી હાલક ડોલક થવા લાગી હતી તે થોડું જ ભુલાય ? એટલે તમામ વિસ્તારો અને જ્ઞાતિઓનું સંતુલન જળવાઈ રહે એ રીતે કેન્દ્ર સરકારમાં કોળી, ક્ષત્રિય, (શહેરી પ્રતિનિધિ તરીકે સમાવાયેલાં મહિલા સાંસદ તો વળી દરજી દેવી નાની-અલ્પ સંખ્યક જાતિમાંથી આવે છે) - એ તમામ ઉપરાંત પાટીદાર ! ઓબીસીના સહારે ચૂંટણીની વૈતરણી તરવી અઘરી છે. એમણે ગણતરીબાજ સાંસદને પ્રદેશ પ્રમુક બનાવ્યા પણ એમની 'પેજ પ્રમુખ' ફોર્મ્યુલા ધાર્યા જેટલી સફળ નથી થઈ શકી. એટલી જૂની અને જાણીતી રાજનીતિ મુજબ પાટીદારોને આગળ કરીને ગુજરાત કબજે કરવાની રસમ અજમાવવી પડી છે. પાટીદાર નેતાઓ પણ પોતે જાણે એક જાતિ વિશેષનું જ પ્રતિનિધિત્વ કરતા હોય એમ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પાટીદાર વિસ્તારોમાં 'જન આશીર્વાદ' લેવા નીકળ્યા છે. એમની આ યાત્રાઓ પાટીદારોની કુળદેવીઓનાં તીર્થધાર્થી આરંભાય છે અને સમાજના સંકુલોમાં સમાપ્ત થાય છે, પછી તે ઊંઝાના ઉમિયા માતા હોય કે કાગવડનાં ખોડિયાર પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાએ પાટીદાર પ્રતિનિધિઓ તરીકે કેન્દ્ર સરકારમાં કૅબિનેટ રેન્કમાં પ્રમોટ કરાયા છે એ સહેતુક ઉપક્રમ છે. ગુજરાત પૂરતા તો કેશુભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટીના આત્મા જેવા હતા. મનસુખ માંડવિયાએ 'ઈંદિરા ઈઝ ઈંડિયા' વાળી સ્ટાઈલમાં જ 'પાટીદાર એટલે ભાજપ અને ભાજપ એટલે પાટીદાર' જેવું સૂત્ર વહેતું મૂકી ગુજરાતના નારાજ થયેલી શક્તિશાળી વોટબૅંકને પુનઃ હસ્તગત કરવાના પ્રયાસો આદર્યા છે. જો કે એમના આ વિધાન સાથે એમની રજતતુલા કરનાર પાટીદાર સમાજના સર્વમાન્ય અગ્રણી નરેશ પટેલ સહમત નથી. પાટીદાર કોંગ્રેસમાં પણ છે અને 'આપ' માં પણ છે, એ વાત જાહેરમાં કહી છે. જો કે માંડવિયા જેવા ઉત્સાહી નેતાને વિશ્વાસ છે કે આડા દહાડે પાટીદાર ભલે ભાજપનો વિરોધ પણ કરતો હોય, એ ચૂંટણીના બૂથ પર પહોંચે ત્યારે તો એને કમળ પર જ પસંદગી ઉતારવી ગમે છે. પાટીદાર સમાજને પોતીકો કરવાનો આ પુરુષાર્થ કેટલો ફળશે એ તો સમય જ કહેશે. ખોડલધામ વાળા પાટીદાર નેતાએ જ કહ્યું હતું કે હવે એમને ગુજરાતમાં પાટીદાર મુખ્યમંત્રી ખપે છે.

વર્તમાન પરિસ્થિતિથી વિંધાતા કવિ કિશોર બારોટ

કિશોર બારોટ

સાહિત્ય વૃત્ત
મનોજ શુક્લા

'એ સારું નહીં'
રોજ ઘરમાં વાસણો અથડાય, એ સારું નહીં,
મન ઉપર કાયમ લિસોટા થાય, એ સારું નહીં.
આપસી સંવાદ છોડી લીન સૌ મોબાઈલમાં.
દ્રશ્ય આ સઘળાં ઘરે સર્જાય, એ સારું નહીં.
સ્કૂલ ટ્યુશન ને વિવિધ કોચિંગની ભરમારમાં,
બાળકો રમવું જ ભૂલી જાય, એ સારું નહીં.
શ્વાસની માફક સુવિધાઓ વગર ચાલે જ નહીં,
તે હદે જો માનવી ટેવાય, એ સારું નહીં.
'હું ફક્ત મારું વિચારું,જાય દોજખમાં જગત'
શાણપણ એને જ જો કહેવાય, એ સારું નહીં.
સગવડો સઘળી મળે, ના સ્નેહ કે આદર કદર,
ઘર મટી ઘર, એક હોટલ થાય, એ સારું નહીં.
મન ચહે ઘરડાઘરે હું ખુદ દાખલ થઈ જઉં,
વૃદ્ધ ઘરમાં એ હદે હીજરાય, એ સારું નહીં.

ભાવનગરની ગાંધી મહિલા કોલેજમાં એક પ્રવચનમાં આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીએ કહેલું કે, 'જે કવિ વર્તમાન સ્થિતિથી વીંધાય અને તેની વાત કરે એ કવિને હું વધારે માર્ક આપું.' હમણાં 'સાયુજ્ય' નામના એક વ્હોટ્સએપ ગ્રુપમાં કવિ કિશોર બારોટની ઉપર મુકેલી ગઝલ વાંચીને ઉમાશંકરભાઈના શબ્દો યાદ આવ્યા. કિશોર બારોટની ગઝલ જાણે વર્તમાનનું શબ્દચિત્ર દોરતી હોય એવો ભાવ અનુભવાય છે. આ લખનાર સાહિત્યકાર નથી,કે નથી કવિ પણ એક ભાવક તરીકે આ કવિતા વાગી છે,હૃદયને સ્પર્શી ગઈ છે. સાહિત્યિક દૃષ્ટિએ આ ગઝલનું શું મૂલ્ય અંકાયુ હશે એની કોઈ ગતાગમ નથી. કોલેજકાળમાં કવિતાઓ વાંચતા ત્યારે જે કવિતા કે તેની પંક્તિઓ વાગી(સ્પર્શી) જતી એ કંઠસ્થ થઈ જતી. વાક્લાના વિદ્યાર્થી તરીકે એ ઉપયોગી પણ થતી. તે સમયે લગભગ ૧૦૦-૧૫૦ જેટલી કાવ્યપંક્તિઓ મોઢે હતી. સાહિત્યરસિક મિત્રો વચ્ચે વાતો કરતા કરતા એ પંક્તિઓની અંતકડીની જેમ આપ-લે પણ થતી. પત્રો લખાતા ત્યારે પણ સ્મરણવગી પંક્તિઓ કાગળમાં ઉતરતી. કોલેજકાળમાં થતી હતી એવી અનુભૂતિ હાલમાં કિશોર બારોટની ઉક્ત ગઝલ વાંચીને થઈ છે. ઊનાનાં વતની એવા આ કવિ નિવૃત્ત પ્રાથમિક શિક્ષક છે, પોરબંદરના શારદા વિદ્યાલય અને જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં ભણ્યા છે. ૧૯૭૫થી ૨૦૧૩ સુધી ઉના તાલુકામાં પ્રાથમિક શિક્ષક તરીકે સેવાઓ આપી ચુક્યા છે. 'આઠે પ્હોર આનંદ' એ એમનો કાવ્ય સંગ્રહ છે જેને ૨૦૧૯ના શ્રેષ્ઠ પુસ્તક તરીકેનું 'કવિ સંગત પારિતોષિક (સયુંકત)' પ્રાપ્ત થયું છે.

કવિ અંગેની આટલી વાતો પછી હવે કવિની ઉપર મુકેલી કૃતિની વાત કરીએ.અલબત્ત,આ ગઝલનું વિવેચન નથી કરવું.કવિઓની ભાષામાં કહીએ તો આ ગઝલને વાંચકો સમક્ષ ઉઘાડી આપવી નથી કે નથી એનું રસદર્શન કરાવવું. આ વાંચતા જે અનુભૂતિ થઇ છે એ સંઘેડા ઉતાર અહીં મુકવી છે. આપણે ત્યાં એમ કહેવાય છે કે, 'આંગળી ચીંધ્યાનું પણ પુણ્ય છે.' કવિએ સમાજને અહીં આંગળી ચીંધવાનું પુણ્ય કર્યુ છે.કવિએ સમાજને ઠંડા કલેજે ચોંટિયો ભર્યો હોય એવું પણ પ્રતીત થાય અને આ ચોંટિયો ભરવાની શરૂઆત ઘરમાંથી કરી છે. રોજ ઘરમાં વાસણો ખખડવાનું પ્રતીક લઈને ઘરમાં થતા રોજેરોજના કકળાટથી મનમાં જે ઘા પડે છે તેને કવિએ શબ્દોમાં આબાદ રીતે ઝીલ્યા છે. સુખની યાત્રાનો પ્રારંભ ઘરથી થાય છે. સુખની એક વ્યાખ્યા એવી સાંભળી છે કે વ્યવસાય અને વ્યવહાર અંગે બહાર જતા પુરુષને(કે સ્ત્રીને) સાંજ પડે ઘરે ઝડપથી પરત પહોંચવાનું મન થાય એ પુરુષ (ને સ્ત્રી) સુખી અને એ ઘર આદર્શ. આવા ઘર હવે મળવા અઘરા થવા મંડ્યા છે ત્યારે કવિની ટકોર તરફ નજર કરવા જેવી છે.

કવિ કિશોર બારોટ દરરોજ જીવાતા જીવનને ઝીણી આંખે અને જીવંત હૃદયે નીરખે છે.આ નિરીક્ષણ કવિને પણ ઘાયલ કરતુ હોવું જોઈએ અન્યથા 'આપસી સંવાદ છોડવાની' અને 'લીન સૌ મોબાઈલમાં હોવાની' વાત ગઝલ પંક્તિમાં ઉતરે નહિ. કવિએ પોતાની દ્રષ્ટિથી આપણી આસપાસના જે કાયમી દ્રશ્યો ઝીલ્યા છે એ કાબિલેદાદ છે. એક ઘરમાં સોફા ઉપર બેઠેલા ચાર-પાંચ સભ્યો અંદરોઅંદર વાતો કરવાને બદલે પોતાના મોબાઈલમાં અટવાયેલા હોય એ દૃશ્ય આપણી માટે હવે નવાઈ ભર્યું નથી પણ એ દૃશ્ય સારું નહિ એવું કહેવાનું તો કવિને જ સૂઝે.

આપણી આજની જીવનશૈલી વિચિત્ર બની ગઈ છે. આ વાતને કવિએ ખુબ સલુકાઈથી દર્શાવી છે. 'હું ફક્ત મારું જ વિચારું' એ પંક્તિ દ્વારા વર્તમાન સમાજની ફૂટપટ્ટી કેવી ટૂંકી છે તે કવિએ સચોટ રીતે કહી દીધું છે.દુર્ભાગ્યે આપણે ત્યાં કામ કરનારા નિષ્ઠાવાન લોકોને મૂરખ અને બીજાને ઉલ્લુ બનાવનાર માણસને શાણો ગણવામાં આવે છે. રવિશંકર મહારાજ કહેતા કે,'આપણી કમનસીબી એ છે કે, કચરો ઉપાડનારાને આપણે હલકા અને ફેંકનારને ઊંચા સમજીએ છીએ.' મહારાજની આ ભાવનાને કવિ કિશોર બારોટે જરા જુદા શબ્દોમાં અને સંદર્ભ સાથે અહીં મૂકી આપી છે. મનુષ્ય સ્વાર્થી તો હોય જ પણ હવે સ્વાર્થનો અતિરેક થતો હોય એવું અનુભવાય છે. સંવેદનશીલ માણસને એ વાત ખુબ

અનુસંધાન પાના નં. ૭ પર

૧૫મી ઓગસ્ટ : ૧૯૪૭ અને મહાત્મા ગાંધી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૧૫મી ઓગસ્ટ – ૧૯૨૧ દરેક વર્ષની જેમ અસંખ્ય ભારતવાસીઓને ફરી એક વખત આપણી સ્વાધિનતાની મીઠી સ્મૃતિ કરાવીને વિદાય લે તે સ્વાભાવિક છે. સ્વાધિનતા કે સ્વતંત્રતા એ કોઈપણ નાગરિક સમાજ માટે નાની કે નગણ્ય વાત નથી. વિશ્વના અનેક ભાગના લોકો કે જેમને સ્વાતંત્ર્યની મુક્ત હવાનો લાભ મળી શકતો નથી. તેઓ આ પીડાને વધારે સારી રીતે સમજી શકે છે. સ્વતંત્રતાની મીઠાશનું ગાન આ ભાવ સાથેજ ઝવેરચંદ મેઘાણીએ ઊંડા ઊર્મિભાવથી ગાયું છે :

તારા નામમાં ઓ સ્વતંત્રતા
મીઠી આ શી વત્સલતા ભરી !
મુરદા મસાણેથી જાગતાં –
એવી શબ્દમાં શી સુધા ભરી !

પરંતુ પંદરમી ઓગસ્ટના આ શુભ દિવસે એક મહામના મહાત્માની તથા ૧૫મી ઓગસ્ટ – ૧૯૪૭ના દિવસની પણ સ્મૃતિ થવી જોઈએ. ૧૯૪૭ની આ સ્મૃતિમાં છલોછલ આનંદ તો હોયજ. સદીઓની પરાધિનતા પછી એક વિરાટ રાષ્ટ્ર મુક્તિની મીઠી લહેરખીનો અનુભવ કરે તે પોતેજ એક અસાધારણ ઘટના છે. દિલ્હી સહીત દેશના અનેક નગરો તેમજ ગામડાઓમાં સ્વાધિનતા પર્વના તે દિવસે પણ ખુશીનો કે ઉજાણીનો માહોલ હશે. મુક્તિના વિરાટ પ્રતિક સમા ઐતિહાસિક લાલકિલ્લા પરથી પંડિત જવાહરલાલ નહેરુએ ધ્વજ ફરકાવ્યો હશે ત્યારે દિલ્હીની રોશનીનો ઝગમગાટ અભૂતપૂર્વ રહ્યો હશે. દેશના તમામ ગણમાન્ય રાષ્ટ્રીય નેતાઓ દિલ્હીની આ ઉજવણીની ખુશાલીને પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન આપતા હશે. હા, આ તમામ ઉજવણીઓમાં માત્ર એક સુકલકડી કાયાની ત્યાં હાજરી ન હોવાની નોંધ અનેક માનવીઓએ ઊંડી ખીન્નતા સાથે લીધી હશે. મુક્તિગંગાના આ જનક પુરુષ દિલ્હીથી માઈલો દૂર બેઠા હતા. દ્વેષ તથા વેરભાવનાના ધુમ્મસમાં વિંટળાયેલા કલકત્તા શહેરમાં અનેક વિપરીત સંજોગોમાં પ્રેમ તથા ભાઈચારાનો સંદેશો સંભળાવવા જોખમ લઈને પણ સતત ભટકતા હતા. 'ગાંધી પાછા જાઓલ્લના નારા સાથે શહેરમાં પ્રવેશેલા આ વિરાટ વ્યક્તિએ માત્ર બે થી ત્રણ દિવસના ટૂંકા ગાળામાંજ પરિવર્તન કરાવ્યું હતું. જેમના સ્વરૂપને મેઘાણીએ 'સૌમ્ય, રૌદ્ર, કરાળ, કોમળ.. બાપુલ્લ કહીને ગાયું હતું તેની શાંત, મક્કમ તથા સત્યવાણીએ કલકત્તા શહેરના જનમાનસમાં પરિવર્તન કરાવ્યું હતું. તોફાનોએ વિરામ લીધો હતો. આ ચમત્કાર હતો. દેશના અન્ય કેટલાક હિસ્સાઓમાં ભારે પોલીસ બંદોબસ્ત છતાં ખૂના મરકી ચાલુ રહ્યા હતા. આ હકીકતના સંદર્ભમાં હિન્દના છેલ્લા વાઈસરોય ૧૫ ઓગસ્ટ - ૧૯૪૭ પછી તરતજ બાપુને પત્ર લખે છે. વરિષ્ઠ તથા વિચક્ષણ અંગ્રેજ અધિકારીના પત્રના આ શબ્દોથી ગાંધીજીનું સુરેખ વ્યક્તિત્વ વિશેષ ઝળહળી ઉઠે છે. લોર્ડ માઉન્ટબેટન લખે છે :

'પંજાબમાં અમારી પાસે પંચાવન હજાર સૈનિકો છે. આમછતાં વિશાળ પાયા પર ત્યાં રમખાણો ચાલી રહ્યા છે. બંગાળમાં અમારું દળ એક આદમીનું બનેલું છે – **One Man Army** – છતાં ત્યાં બિલકુલ રમખાણો નથી. એક લશ્કરી અમલદાર તરીકે તથા એક વહીવટકર્તા તરીકે આપને – એક આદમીના લશ્કરને – મુબારકબાદી છે. આપ તેને સ્વીકારશો' ગાંધીજીની હાજરીનું આવું સટીક મૂલ્યાંકન આશ્ચર્ય તેમજ અહોભાવ પમાડે તેવું છે. બાપુ દિલ્હીથી ઘણાં દૂર હતા છતાં તેમની છાયા દિલ્હીમાં પણ કેટલી પ્રભાવી હતી તે સ્પષ્ટ કરવા માઉન્ટબેટન આ પત્રમાંજ લખે છે :

'૧૫મી ઓગસ્ટે બંધારણસભામાં આપના નામનો ફક્ત ઉલ્લેખ થતાંની સાથેજ ઉમળકાભર્યો જયઘોષ થયો. આપે તે કદાચ કલકત્તામાં પણ સાંભળ્યો હશે. તે સમયે આપ ન હતા પરંતુ અમારા સૌના મન આપનાજ વિચારોથી ભરેલા હતા.'

મહાત્મા ગાંધી ૧૫મી ઓગસ્ટ – ૧૯૪૭ના મહાપર્વની ઉજવણી વેળાએ દિલ્હીમાંજ રહે તેવી જવાહરલાલ સહીત અનેક લોકોની ઈચ્છા હતી. ગાંધીજીને દેશના સર્વોચ્ચ નેતાઓ તરફથી આ વિનંતી કરતા પત્રો પણ ગયા હતા. પરંતુ આ મહાત્મા જૂદી માટીના બનેલા હતા. જૂન-૧૯૪૭થીજ બાપુના મનમાં એક ભારે ધમસાણ ચાલી રહ્યું હતું. 'પૂર્ણાહુતિ' માં પ્યારેલાલ લખે છે કે સ્વતંત્રતા મળ્યા પછી વેરઝેર તેમજ રાગદ્વેષના કારણે વાતાવરણ ડહોળવાની પૂરી સંભાવના મહાત્માને દેખાતી હતી. આમ થશે તો સ્વતંત્રતા ભસ્મીભૂત થઈ જશે તેમ બાપુ માનતા હતા. આથી તેમને લાગતું હતું કે કેન્દ્રમાં રહીને તેઓ ખાસ કશુ કરી શકશે નહિ. પ્રજાની રક્ષા તેમજ સલામતી માટે પોતાનું જીવન હોડમાં મૂકવા બાપુ પ્રતિબધ્ધ હોવાથી જોખમની આ નાજુક પળે પ્રજાની સાથે રહેવાનો તેમણે નિર્ણય કર્યો. કાશ્મિર ગયા. બીહાર ગયા. જે સમાચારો મળતા હતા તેના પરથી તેઓ કલકત્તા થઈને નોઆખલી (હાલ બંગલાદેશમાં) જવા માંગતા હતા. દિલ્હીના રોકાણને તેમણે બાજુએ રાખ્યું. તેમણે કહ્યું કે 'ખપી જતાં સુધી લડનારી ચીથરેહાલ પલ્ટનલ્લ સાથેજ તેમનું રહેવું ઉચિત છે. દિલ્હીમાં નહિ. એ વાતની નોંધ લેવી જોઈએ કે તેમ ન કરવા માટે આ પ્રસંગે તેમને કોઈએ ખાસ આગ્રહ કર્યો નહિ. સૌને એ વાતની પ્રતિતિ હતી કે ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી વિશે બાપુના જે વિચારો હતા તે જોતાં રંગરાગના આ અવસરે તેઓ દિલ્હીમાં અટૂલા થઈ જશે. દેશના તે સમયના માહોલમાં ઉજાણી સબંધી બાપુની આ મનોદશા તેમને અન્યથી જૂદા પાડતી હતી. વર્ષો સુધી જેમણે ગાંધીની છત્રછાયામાં રહીને કામ કર્યું હતું તે સર્વને છોડીને આ એકલવીર સત્યના માર્ગે એકલો દ્રઢતા સાથે પ્રયાણ કરે છે. મશાલ સરીખું આ જીવન પારકા તેલની આશાએ જીવાતું ન હતું. કવિગુરુ ટાગોરે લખ્યું હતું અને મહાદેવ દેસાઈએ જેનો સુંદર ભાવાનુવાદ કર્યો હતો તે કાવ્ય બાપુના આ મહાપ્રયાણને લાગુ પડે તેવું છે.

જો સૌના મ્હો શીવાય
ઓ રે ઓ રે ઓ અભાગી
સૌના મ્હો શીવાય,
જ્યારે સૌ બેસે મ્હો ફેરવી
સૌએ ડરી જાય, ત્યારે
હૈયું ખોલી અરે તું મ્હો મૂકી
તારાં મનનું ગાણું એકલો ગાને રે..
એકલો જાને રે..

દરેક પંદરમી ઓગસ્ટે આ વિરાટ પુરુષ ગાંધીની પુનઃ સ્મૃતિ થવી તે સ્વાભાવિક છે.

જમાનો એવો છે કે સુવર્ણએ પણ ચળકાટ ધારણ કરવો પડે!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

સમયની રફતાર ચાલતી રહે છે... માણસને હંમેશાં આજ કરતાં વિતેલી કાલ વધારે સારી લાગતી હોય છે. દરેક જમાનાને એની માન્યતાઓ હોય છે... પોતાનાં મૂલ્યો હોય છે. જે તે યુગની કેટલીક પ્રતિભાઓ પણ હોય છે... ફેશન હોય છે..ખાસિયતો હોય છે.આજે જે બાબત સંસ્કાર ગણાતી હોય એ કદાચ ભુતકાળમાં અસંસ્કાર પણ ગણાતી હોય... વિતેલા યુગમાં જે ચીજનાં ગુણગાન ગવાયાં હોય આજે એ આપણને તદન વાહિયાત પણ લાગે... માણસની બદલાતી રૂચિ, પરિસ્થિતિ, મૂલ્યો કે ટેકનોલોજિકલ ફેરફારો એમ અનેક બાબતો આ બધી બાબતો ઉપર અસર કરે છે.

જગતમાં એક સમયે પોતાની આવડત સંપત્તિ કે સદગુણો વિશે માણસ પોતે બોલે એ આપવડાઈ જેવું ગણાતું... 'તમે નહીં તમારા કામને બોલવા દો...' એવું લોકો કહેતા..દાન કરવું હોય તો પણ ગુપ્ત રીતે કરવું... પોતે કોઈ સિધ્ધિ મેળવી હોય અથવા એને કોઈ તરફથી શિરપાવ મળ્યો હોય તો એવી બાબતે વ્યકિત પોતે ઠાવકી રહેતી... પોતાના જ વિશે વાત કરનારનો સામાજિક સ્વીકાર ના થતો... માણસ ધુપસળીની જેમ રહે એવું લોકો ઈચ્છતા... તમારા કાર્યોની સુવાસ આપમેળે ચોતરફ પ્રસરે એ વિવેક ગણાતો...

સામાપક્ષે સમાજમાં એવા માણસો અને સંસ્થાઓ પણ હતી જે સારાં કામ કરનારની આપોઆપ નોંધ લેતી..ખૂણામાં પડેલી પ્રતિભાઓને પણ પોંખવામાં આવતી..પોતાના માનપાન માટે કાકલૂદી કરવી પડે એ વાત જ નવાઈપ્રેરક લાગતી... કદાચ માર્કેટિંગ જેવો શબ્દ જ ન હતો..આપબળે એકલખૂણે ઝઝૂમનારાની વાતો લોકોને ગમતી... 'હીરા મુખસે ના કહે લાખ હમારા મૂલ... 'એવા લોકો હતા..માણસના બાહય દેખાવ રંગરૂપ કે ગુણગાનને બદલે માણસના આંતરિક વૈભવને એના પ્રદાનને આપોઆપ સમાજ સન્માન આપતો... પોતાના સન્માન માટે કાકલૂદી કરતો આજનો માણસ એ આધુનિકતાની દેન છે.

સમયનું ચક્ર આજે ફરી ગયું છે..લોકોને એકબીજા માટે જાણે વિશ્વાસ જ નથી રહયો..કેવળ ઉપયોગિતાવાદ અને હળાહળ ભૌતિક લાભાલાભ સિવાય એકબીજાને ઓળખવાના કોઈ બીજા માપદંડ જ નથી રહ્યા જાણે ! તમે સારૂં કામ કરો છો કે કોઈ બાબતે સિધ્ધિ મેળવો છો તો તમારે જાતે જ એનો ઢંઢેરો પીટવો પડે છે..માણસને જાણે ધરવ જ નથી પોતાના ગુણગાન માટેની ભૂખથી..નાની સરખી સફળતા પણ એને બહેકાવી મુકે છે.

સામાપક્ષે સમાજમાં પણ એવું છે કે જે બોલે એના બોર વેચાય..માણસની સિધ્ધિ ગમે તેટલી મોટી હોય એનામાં પ્રતિભા ભરપૂર હોય પણ જો એ પોતાની જાહેરાત ના કરે તો કોઈ એની સામું પણ કોઈ જોતું નથી..વિજ્ઞાપન હવે ખાલી ધંધા રોજગાર માટે જ નહીં માણસની ઓળખ માટે પણ અનિવાર્ય બની ગયું છે..તમારે જ તમારા ગુણગાન ગાવા પડે છે..સોનું અને પિત્તળ હવે આપોઆપ નથી ઓળખાતું..પ્રચારનો ઉપચાર અને સપાટીનો ચળકાટ એ જ એની ઓળખ બની જાય છે..સારા માણસોએ પણ ઢંઢેરો પીટીને કહેવું પડે છે કે પોતે સારો છે..પ્રચારના પ્રકાશથી ઝળહળતી ધાતુઓ વચ્ચે સુવર્ણએ પણ ઝગમગવું પડે એવી વાસ્તવિકતા છે !

એક સમયે દરેક વ્યવસાયમાં કેટલાંક નામો કે પ્રતિભાઓની બોલબાલા રહેતી એમાં ટકાઉપણું અનુભવાતું...આજે નામો ઉભરાની માફક આવે છે અને શમી જાય છે..! આજનો માણસ એટલે ઉભરાટનો માણસ..ગભરાટનો માણસ...!

જેમ કે કોઈ ગામ કે શહેરમાં અમુક દુકાન કે પેઢીની એક શાખ રહેતી...જેનું કોઈ માર્કેટિંગ કે પ્રચાર ના હોય તો પણ લોકો એનું નામ ગૌરવથી લેતા..આજે અવનવી પ્રોડકટ અનોખી જાહેરાતો સાથે ધમાકેદાર રીતે આવે છે અને એટલી જ તેજ ગતિથી અદ્રશ્ય પણ થઈ જાય છે!

દરેક ગામ કે શહેરમાં અમુક ડોકટર અમુક શિક્ષક... પ્રોફેસર કે અમુક વકીલ નામાંકિત બનીને રહેતા... અને પ્રલંબ સમય સુધી એમની એ પ્રતિષ્ઠા રહેતી... આજે અનેકવિધ નામો આવે છે અને ભુલાઈ જાય છે... પરપોટા જેવી પરાક્રમકથાઓ લખાય છે અને ભૂલાય છે. ચિરંજીવતાનો ભાવ જ જાણે લુપ્ત થતો જાય છે...આવું કેમ?

લોકોને વિકલ્પો ઘણા મળ્યા છે.? લોકોની રૂચી ઝડપથી બદલાય છે કે પછી પ્રતિભાઓ એવી નથી આવતી ? વિચારવા જેવું છે...એક સમયે અમુક લેખકો કે કવિઓનો યુગ ચાલતો..એમની સર્જકતા લાંબા સમય સુધી ધબકતી રહેતી..વાચકો એમની સાથે આત્મીયતા અનુભવતા..આજે કલમો આવે છે..ફકત કોલમોનાં રંગરૂપ સજાવટથી સભર....પુસ્તકોનાં વિમોચન લગ્નપ્રસંગ જેવાં થાય છે..વારંવાર થાય છે...પણ તોય સર્જકની અમીટતા અંકાતી નથી...!

કયાંયથી જાણે શાશ્વતતાની સુવાસ પ્રગટતી જ નથી... અલ્પકાલિન ઉભરો એ આજના યુગનું લક્ષણ છે... માણસ ઝડપથી એનું આસ્થાકેન્દ્ર બદલી નાખે છે... માણસને બધું ઈ